તા. ૨૬.૦૪.૨૦૨૫
ગાંધીનગર સમાચાર, પાના નં. ૦૬

# અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના રૂટમાં વિસ્તરણ, હવે સચિવાલય સુધી મેટ્રો દોડશે

**આગામી ૨૭ એપ્રિલથી સચિવાલય સહીત નવા રૂટમાં પણ મેટ્રો દોડશે : નવા ૭ સ્ટેશનો પર સેવા કાર્યરત થશે : ટ્રાયલ રનની પ્રક્રીયા પુર્ણ : કર્મચારીઓને પણ અપડાઉન કરવામાં સરળતા રહેશે : નાગરિકોને વધુ આરામદાયક મુસાફરીનો લાભ મળશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના નાગરિકો માટે ખુશીના સમાચાર છે કે હવે આગામી બે દિવસ બાદ મેટ્રોના રૂટમાં વિસ્તરણ કરવામાં આવશે. આગામી તા. ૨૭ એપ્રિલથી નવા સાત સ્ટેશનો પર મેટ્રો રેલ સેવા શરૂ કરવામાં આવશે, જયારે આ અંગે ટ્રાયર રન પણ સફળ રહી છે. શહેરમાં હાલ વિવિધ ૮ સ્ટેશનો પર મેટ્રો સેવા કાર્યરત છે. જયારે હવે નવા વિસ્તારમાં પણ ઉમેરાશે જેના લીધે હવે સચિવાલય સુધી મેટ્રો દોડશે.

ગાંધીનગરમાં મેટ્રો રેલ શરૂ થયા બાદ નાગરિકો પણ તેનો ઉત્સાહથી ઉપયોગ કરે છે. જયારે ગાંધીનગર વિસ્તારમાં હાલ વિવિધ ૮ સ્ટેશનો પર આ સેવા કાર્યરત છે. જયારે હવે અન્ય સાત સ્ટેશનો પણ સમાવિષ્ટ કરાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ ગાંધીનગર મેટ્રો રૂટમાં વિસ્તરણ કરવા માટે તૈયારી કરી દેવામાં આવી છે. જયારે આ અંગે સફળ ટ્રાયલ રનની પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી તા. ૨૭ એપ્રિલથી આ નવા સાત સ્ટેશનો પર મેટ્રો રેલ દોડશે, જેમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ તેમજ સે.૧૦ સ્થિત સચિવાલયનો સમાવેશ થાય છે. હાલની સ્થિતિએ મેટ્રો જીએનએલયુ પીડીપીયુ રાયસણ, ગિફટ સીટી, રાંદેસણ, ધોળાકુવા સર્કલ ઈન્ફોસીટી તેમજ સે-૧ સહીત વિવિધ ૮ સ્ટેશનોના રૂટમાં દોડે છે. જયારે મેટ્રો રેલ સેવાના વિસ્તરણને અનુલક્ષી સફળતાપુર્વક ટ્રાયલ રન સફળતાપુર્વક કરવામાં આવી છે. આ દરમિયાન સલામતીના પરિબળો પણ ચકાસવામાં આવ્યા હતા. જયારે સમયપત્રક અંગે પણ ચકાસણી કરવામાં આવી હતી. મેટ્રો રેલ સેવાના વિસ્તરણના લીધે હવે સચિવાલયમાં અપડાઉન કર્તા કર્મચારીઓને વિશેષ રીતે ફાયદો થશે. કર્મચારીઓનો સમય પણ બચશે. માર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટવાની સાથે ટ્રાફિકની સમસ્યાનો પણ અંત આવશે. નાગરિકોને પણ સરળ અને સુવિધાયુકત મુસાફરીનો લાભ મળશે. મેટ્રો રેલના રૂટમાં વિસ્તરણ કરવાની કામગીરી મામલે આખરી તૈયારી કરી દેવામાં આવી છે. જયારે હવે આગામી બે દિવસમાં આ રૂટનુ વિસ્તરણ કરવામાં આવશે.